ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# નિશ્ચિત એચ-વનબી કેપ-મુક્ત પિટિશનો માટે યુએસસીઆઇએસ પ્રીમિયર પ્રોસેસિંગ ફરી શરૂ કરશે

યુએસ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઇએસ) નિશ્ચિત કેપ-મુક્ત એચ-



માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

વનબી પિટિશનો માટે તત્કાલ અસરથી પ્રીમિયર પ્રોસેસિંગ ફરી શરૂ કરશે. દર નાણાકીય વર્ષમાં એચ-વનબી વિઝાની ૬૫ હજાર વિઝાની વાર્ષિક મર્યાદા હોય છે. આ સિવાય, યુએસ માસ્ટર્સ ડિગ્રી અથવા ઉચ્ચ ડિગ્રી ધરાવતા લાભાર્થીઓ માટે ફાઈલ થયેલી ૨૦ હજાર પિટિશનોની વાર્ષિક 'માસ્ટર્સ કેપ' હોય છે.

પ્રીમિયર પ્રોસેસિંગ એવી પિટિશનો માટે ફરી શરૂ થશે, જેને કેપમાંથી મુક્તિ મળે તેવી શકયતા છે, જો એચ-વનબી પિટિશનરઃ

- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા હોય,
- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા સાથે સંલગ્ન અથવા સંબંધિત બિનનફાકારક સંગઠન, અથવા
- બિનનફાકારક સંશોધન અથવા સરકારી સંશોધન સંસ્થા.

જો લાભાર્થી માન્યતાપ્રાપ્ત કેપ-મુક્ત સંસ્થા-સંગઠનનો કર્મચારી હોય, તો પ્રીમિયર પ્રોસેસિંગ એવી પિટિશનો માટે ફરી શરૂ થશે, જેને કેપમાંથી મુક્તિ મળે તેવી શકયતા છે.

જે કેપ-મુક્ત પિટિશનરો પ્રીમિયર પ્રોસેસિંગ માટે માન્યતા ધરાવતા હોય તેઓ ફોર્મ આઇ-૯૦૭, ફોર્મ આઇ-૧૨૯ માટે રિક્વેસ્ટ ફોર પ્રીમિયર પ્રોસેસિંગ સર્વિસ, નોનઇમિગ્રન્ટ વર્કર માટે પિટિશન ફાઈલ કરી શકશે.

ફોર્મ આઇ-૯૦૭ એચ-વનબી પિટિશન સાથે ફાઈલ કરી શકાશે અથવા પેન્ડિંગ એચ-વનબી પિટિશન માટે અલગ ફાઈલ કરી શકાશે.

અગાઉ યુએસસીઆઈએસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે કોનરેડ ૩૦ વેઇવર પ્રોગ્રામ અંતર્ગત ફિઝિશિયનો વતી ફાઈલ થયેલી એચ-વનબી પિટિશનો માટે ૨૬મી જૂનના રોજ પ્રીમિયર પ્રોસેસિંગની શરૂઆત કરાઈ હતી.

યુએસસીઆઈએસ વર્કલોડ્સ પરમિટ તરીકે અન્ય એચ-વનબી પિટિશનોની પ્રીમિયર પ્રોસેસિંગ ફરી શરૂ કરવાની યોજના કરે છે. ક્યારે આપણે એચ-વનબી પિટિશનો માટે પ્રીમિયર પ્રોસેસિંગ સ્વીકારવાની શરૂઆત કરી શકીએ તે અંગેની જાહેરાત યુએસસીઆઈએસ ચોક્કસ માહિતી સાથે કરશે. ત્યાં સુધી, તમામ અન્ય એચ-વનબી પિટિશનો માટે પ્રીમિયર પ્રોસેસિંગ કામચલાઉ સ્થગિત રહેશે. આ પ્રકારની પિટિશનો માટે ફાઈલ થયેલાં કોઈ પણ ફોર્મ આઇ-૯૦૭ યુએસસીઆઈએસ નકારી કાઢશે. જો પિટિશનર ફોર્મ આઇ-૯૦૭ અને ફોર્મ આઇ-૧૨૯ ફીનો ભેગો ચેક રજૂ કરશે, તો યુએસસીઆઈએસ બન્ને ફોર્મ નકારી કાઢશે.

યુએસ ઇમિગ્રેશન એન્ડ નેશનલિટીને લગતા કાયદાઓની તમારા પર, તમારા પરિવાર, તમારા મિત્રો, તમારાં સગાંસંબંધીઓ પર કેવી અસર પડી શકે છે તે વિશે વધુ માહિતી માટે તમે અમારા ઇમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો અથવા અમારી લો ફર્મની વેબસાઇટ www.visaserve.com નિહાળી શકો છો.